## એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા.૧૫/૫/'૦૮ નાં રોજ ૩:૩૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તા.૧૫/૫/'૦૮ નાં રોજ બપોરના ૩:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના કોન્ફરન્સ હોલમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. કે. વી. ગોર,<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન ,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર રાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ<br>એજ્યુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ. | હાજર |
| શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>સદસ્યશ્રી, માંડવી નગરપાલિકા. | ગેર હાજર |
| ડૉ. એચ.એન. કાકરાની,<br>આચાર્યશ્રી, તોલાણી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસી, આદિપુર. | હાજર |
| શ્રી પી.એમ. ભટ્ટ,<br>આચાર્યશ્રી, જે.બી. ઠકકર કોમર્સ કોલેજ, ભૂજ. | હાજર |
| શ્રી ચિન્મોય બેનર્જી,<br>ડાયરેકટરશ્રી, અંજાર એજ્યુકેશન સોસાયટી, અંજાર | હાજર |
| શ્રી મહેશભાઈ આહિર<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., ભૂજ. | હાજર |
| શ્રી અનિલ એચ. ગોર (રજીસ્ટ્રારશ્રી, કચ્છ યુનિવર્સિટી)<br>મેમ્બર સેક્રેટરી | હાજર |

૧. ગત મિનિટ્સનું વાંચન અને બહાલી :

(નોંધ : ૧૦/૪/'૦૮ નાં રોજ યોજાયેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિનિટ્સનોંધ સૌ સભ્યશ્રીઓને મોકલી આપવામાં આવેલ છે.)

ગત મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ અને સર્વાનુમતે મિનિટ્સ નોંધને બહાલી આપવામાં આવેલ.

૨. **અનુસ્નાતક ભવનોમાં અધ્યાપકશ્રીઓની ભરતી પ્રક્રિયા હાથ ધરવા માટે પસંદગી સમિતિની નિમણૂંક :**

(નોંધઃ એક્ઝિક્યુટીવ કાઉન્સિલ સમિતિએ અનુસ્નાતક ભવનોમાં અધ્યાપકશ્રીઓની ભરતી પ્રક્રિયા હાથ ધરવાની હોઈ તે માટે પસંદગી સમિતિ નિમવા ચર્ચા વિચારણા)

યુનિવર્સિટી દ્વારા પ્રોફેસર, રીડર, લેકચરરની ભરતી માટેની જાહેરાત પ્રસિધ્ધ કરવામા આવેલ. આવેલ અરજીઓમાંથી કવોલિફાઈડ અધ્યાપકશ્રીઓની અરજીઓના સંદર્ભે ઈન્ટરવ્યુ ગોઠવવાની તારીખ નકકી થતાં પસંદગી સમિતિની રચના માટે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી અને સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ : ૧ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે , યુનિવર્સિટીના જુદા–જુદા અનુસ્નાતક ભવનોમાં પ્રોફેસર, રીડર, લેકચરરની ભરતી પ્રકીયા હાથ ધરવા યુ.જી.સી. એ જે પસંદગી સમિતિના માળખાની ભલામણ કરેલ છે તે માળખુ અમલમાં રાખવું. જેમાં નીચે મુજબના સભ્યો પસંદગી સમિતિ પર રહેશે.**

**૧ માન. કુલપતિશ્રી (પસંદગી સમિતિના ચેયરમેનશ્રી)**
**૨ માન. કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ (સભ્ય)**
**૩ ત્રણ વિષય નિષ્ણાંતો કે જેઓ આ યુનિવર્સિટી વિસ્તાર બહારના હોય (સભ્યશ્રીઓ)**
~~**૪ ફેકલ્ટીના ડીનશ્રી (સભ્યશ્રી)**~~
**૫ સંબધીત ભવનના હેડ/ચેયરપર્સન (સભ્યશ્રી)**

**પસંદગી સમિતિનુ કોરમ ચાર સભ્યોનું રહેશે. જેમાં યુનિવર્સિટી વિસ્તાર બહારના બે વિષય નિષ્ણાંતોની હાજરી આવશ્યક રહેશે.**

૩. **અનુસ્નાતક ભવનોમાં અધ્યાપકશ્રીઓની ભરતી પ્રક્રિયા માટે પસંદગી સમિતિમાં સબજેકટ એક્ષપર્ટસના નામો નકકી કરવા બાબત :**

(નોંધઃ એક્ઝિક્યુટીવ કાઉન્સિલ સમિતિએ અધ્યાપકશ્રીઓની ભરતી પ્રક્રિયા માટે પસંદગી સમિતિમાં સબજેકટ એક્ષપર્ટસના નામો નકકી કરવા ચર્ચા વિચારણા)

યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં અધ્યાપકશ્રીઓના ઈન્ટરવ્યુની તારીખ નકકી થતાં સબજેકટ એક્ષપર્ટ (વિષય નિષ્ણાંતો)ની પેનલ માટેના નામો બાબતે ચર્ચા–વિચારણા હાથ ધરાયેલ.

માન. કુલપતિશ્રી દ્વારા જે વિષયોમાં ઈન્ટરવ્યુ યોજાનાર છે તે વિષયના નિષ્ણાંતોની પેનલ આજની સભામાં રજૂ કરવામાં આવી. ગુજરાત રાજયની જુદી–જુદી યુનિવર્સિટીઓમાં પ્રોફેસર હોય તેવી વ્યકિતઓના નામો વિષય નિષ્ણાંત તરીકે મુકવામાં આવેલ. જે વિષયમાં ગુજરાત રાજયની યુનિવર્સિટીઓમાંથી વિષય નિષ્ણાંતો મળે એમ નથી તેવા વિષયમાં ગુજરાત રાજય બહારની યુનિવર્સિટીમાંથી પણ નામો મુકવામા આવેલ આ નામો બાબતે ચર્ચા–વિચારણા હાથ ધરાયેલ અને નીચે મુજબ સર્વાનુમતે નિર્ણય લેવાયેલ.

**ઠરાવ : ૨ :** **આથી ઠરાવવામાં આવે છે માનનીય કુલપતિશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ વિષય નિષ્ણાંતોની યાદી/પેનલને મંજુર રાખવામાં આવે છે અને આ પેનલમાંથી માનનીય કુલપતિશ્રી નકકી કરે તે પ્રોફેસરશ્રીઓને વિષય નિષ્ણાંત તરીકે બોલાવવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે. વિષય નિષ્ણાંતોને બોલાવવામાં આવે ત્યારે બની શકે ત્યાં સુધી એકજ યુનિવર્સિટીમાંથી એકથી વધારે વિષય નિષ્ણાંત ન હોય તેવી તકેદારી રાખવી જો કોઈ પેનલમાંથી ત્રણ વિષય નિષ્ણાંતો ઈન્ટરવ્યુમાં આવવા અસંમતિ દર્શાવે તો અન્ય નામો માટે માનનીય કુલપતિશ્રી યોગ્ય નિર્ણય લઈ શકશે તેવું વધુમાં ઠરાવવામાં આવ્યુ.**

૪. **પરીક્ષા નિયામકશ્રી, સોફટવેર એન્જિનીયરની નિમણૂંકને લાંબાગાળા માટેની નિમણૂંક તરીકે લંબાવવા બાબતઃ**

(નોંધઃ પરીક્ષા નિયામકશ્રી, સોફટવેર એન્જિનીયરની નિમણૂંકને એક વર્ષનો અજમાયશી સમયગાળો પૂર્ણ થયેલ હોય તેમની નિમણૂંકને લાંબાગાળાની નિમણૂંક તરીકે લંબાવવા બાબત ચર્ચા વિચારણા. આ બન્ને નિમણૂંકોને માનનીય કુલાધિપતીશ્રી (નામદાર રાજયપાલશ્રી, ગુજરાત રાજય) દ્વારા મંજૂરી મળેલ છે.)

---

પરીક્ષા નિયામકશ્રી તથા સોફટવેર એન્જિનીયરની નિમણૂંકને લાંબાગાળાની નિમણૂંક આપવા બાબતે ચર્ચા–વિચારણા હાથ ધરાયેલ જેમાં સભ્યશ્રીઓ તરફથી એવો સુર વ્યકત કરવામાં આવ્યો કે આ મુદ્દે નીચે મુજબની વિગતવાર માહિતી આપવામાં આવે જેમાં કયારે નિમણૂંક થઈ, કયારે હાજર થયા, પ્રોબેશન ગાળો કયારે પુરો થયો ? વગેરે માહિતી સાથે આ વિષયે હવે પછી મળનારી મિટીંગમાં ચર્ચા હાથ ધરવાનું નકકી થતા કોઈ નિર્ણય લેવામાં આવેલ નહી.

૫. **અનુસ્નાતક ભવનોમાં યુનિવર્સિટી એકટ સેકશનઃ ૮૭ અન્વયે અધ્યાપકશ્રીઓની જે ભરતી પ્રક્રિયા થયેલ છે તે અધ્યાપકશ્રીઓને રેગ્યુલર નિમણૂંક તરીકે ગણવા બાબત :**

(નોંધ : અધ્યાપકશ્રીઓની પ્રથમ ભરતી દરમ્યાન યુનિવર્સિટી દ્વારા ૭ અધ્યાપકશ્રીઓને નિમણૂંક હુકમો આપવામાં આવેલ છે. જેઓની નિમણૂંકને માનનીય કુલાધિપતીશ્રી, કચ્છ યુનિવર્સિટી તરફથી મંજૂરી મળેલ છે. આ નિમણૂંકો યુનિવર્સિટી એકટની કલમઉ ૮૭ અન્વયે કરવામાં આવેલ. અધિકારમંડળો કાર્યરત થતાં આ નિમણૂંકોને રેગ્યુલર નિમણૂંક તરીકે ગણવા બાબતે ચર્ચા વિચારણા)

રાજય સરકારશ્રી, શિક્ષણ વિભાગ દ્વારા પ્રથમ તબકકે ૧૬ શૈક્ષણિક જગ્યાઓ મંજુર કરવામાં આવેલ જેની નિયમઅનુસાર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ જેમાં યુનિવર્સિટી એકટના સેકશન ૮૭ હેઠળની પસંદગી સમિતિએ સાત અધ્યાપકશ્રીઓને પસંદ કરેલ. માન. કુલાધિપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી દ્વારા પસંદગી સમિતિ પક્રીયાને બહાલી મળતા નિમણૂંક હુકમો આપવામાં આવેલ.

---

સેકશન ૮૭ હેઠળની નિમણૂંક મળતમ ત્રણ વર્ષના સમય મર્યાદા માટે છે. યુનિવર્સિટીએ જે અધ્યાપકશ્રીઓને આવા નિમણૂંક હુકમો આપેલ છે તેઓને એક વર્ષના પ્રોબેશન ગાળા પર યુનિવર્સિટી દ્વાર નિમણૂંક આપવામાં આવેલ.છે અને જે તે અધ્યાપકશ્રીઓ પોતાની જુની નોકરીઓ મુકીને અત્રે આવેલ છે. આ અધ્યાપકશ્રીઓની સેકશન ૮૭ હેઠળ થયેલ નિમણૂંકને લાંબાગાળાની નિમણૂંક ગણવા ચર્ચા–વિચારણા થયેલ જેના અંતે સર્વાનુમતે નીચે મુજબનો નિર્ણય લેવામાં આવેલ છે.

<u>ઠરાવ : ૩ :</u> **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી અધિકારમંડળોની રચના થયેલ ન હોવાના સમયગાળા દરમ્યાન માન. કુલપતિશ્રીને એકટ દ્વારા મળેલ સત્તા અન્વયે સેકશન ૮૭ અન્વયે કરેલ અધ્યાપકશ્રીઓની નિમણૂંકને બહાલ રાખવામાં આવે છે. અને તે નિમણૂંકોને માત્ર ત્રણ વર્ષની નિમણૂંક ન ગણતાં લાંબાગાળાની નિમણૂંકો તરીકે ગણીને જોડાયા તારીખથી પ્રોબેશન પરની નિમણૂંક ગણીને આગળની કાર્યવાહી હાથ ધરવાનું આથી ઠરાવવામાં આવે છે.**

૬. **યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનાં જોડાણ બાબતે રાજય સરકારશ્રીને ભલામણ કરવા બાબત :**

(નોંધ : યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની જોડાણ પ્રક્રિયા આખા વર્ષ દરમ્યાન ચાલતી પ્રક્રિયા છે તેની વિસ્તૃત ચર્ચા વિચારણા અને સરકારશ્રીને જોડાણની ભલામણ કરવા વિચારણા)

---

કોલેજ શરૂ કરવા જયારે દરખાસ્ત યુનિવર્સિટીને કરવામાં આવે ત્યાર થી લઈને જોડાણનું જાહેરનામું બહાર પાડવી રાજયસરકારશ્રી, શિક્ષણ વિભાગને ભલામણ કરવામાં આવે તે દરમ્યાનના દરેક મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી અને નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ : ૪** આથી ઠરાવવામાં અવો છે કે, યુનિવર્સિટીને નવી કોલેજ શરૂ કરવાની અરજી કોઈ સંસ્થા દ્વારા મળેતો હવેથી અરજીને પ્રથમ એકેડેમિક કાઉન્સિલને મોકલી તેની મંજૂરી મળ્યા બાદ LIC સમિતિની નિમણુંક કરાવી અને LIC નો રીપોર્ટ આવી ગયા બાદ એક્ઝિકયુટીવ કાઉન્સિલને રીપોર્ટ મુકવો. ત્યાર બાદ એક્ઝિકયુટીવ કાઉન્સિલ જે નિર્ણય લે તે મુજબની કાર્યવાહી હાથ ધરવી તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

૭. યુનિવર્સિટી સ્થાપના દિન નકકી કરવા બાબત:

(નોંધ : દરેક યુનિવર્સિટીમાં પોતાના સ્થાપના દિનનું અનેરું મહત્વ હોય છે અને તે દિવસે શૈક્ષણિકકાર્ય બંધ રાખીને જુદા જુદા કાર્યક્રમો દ્વારા ઉજવવામાં આવે છે. આ યુનિવર્સિટીનો સ્થાપના દિન નકકી કરવા ચર્ચા વિચારણા)

દરેક યુનિવર્સિટીનો સ્થાપના દિન નકકી થયેલ હોય છે. સ્થાપના દિન કયા દિવસે રાખવો તે નકકી કરવા ચર્ચા–વિચારણા હાથ ધરાયેલ. ચર્ચાના અંતે સર્વાનુમતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૫** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીના સ્થાપના દિન નકકી કરવા અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા તેમના ઠરાવ ક્રમાંક : GH/SH/IS/KUG-2104-1648/-KH-1 Date: 22/06/2004 નાં રોજ કચ્છ વિસ્તારની જે કોલેજો ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ હતી તે કોલેજો ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી સાથે તા. 23/06/2004 થી જોડાયેલ જાહેર કરવામાં આવેલ અને કચ્છ યુનિવર્સિટી એકટની કલમો ૨ થી ૯૦ અસ્તિત્વમાં આવે છે. તેવુ નોટીફિકેશન બહાર પાડવામાં આવેલ છે.

આ નોટીફિકેશનમાં દર્શાવેલ તારીખ ૨૩ જુન ને આ યુનિવર્સિટીના સ્થાપના દિન તરીકે નકકી કરવામાં આવે છે. સ્થાપના દિન નિમિતે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન હાથ ધરવું સાથોસાથ યુનિવર્સિટીના પરિણામોમાં ઉત્કૃષ્ટ દેખાવ સાથે વિશિષ્ટ સિધ્ધી મેળવેલ વિધાર્થીઓનું સન્માન કરવું. તદઉપરાંત શિક્ષણ ક્ષેત્રમા વિશિષ્ટ યોગદાન આપેલ વ્યકિતનું સન્માન કરવું

આ સ્થાપના દિન દર વર્ષે કચ્છ જીલ્લાના અલગ–અલગ સ્થળે યોજાય અને દર વર્ષે અલગ–અલગ કોલેજને આ દિન ઉજવવાની મેજબાની લેવાની રહેશે. આ સ્થાપના દિન ઉજવવાના ભાગરૂપે યુનિવર્સિટી રૂા. ૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) ની મર્યાદામાં ખર્ચ કરી શકશે. મેજબાની લેનાર કોલજને ખેરખર થયેલ ખર્ચ પેટે મહત્તમ રૂા.૧.૦૦,૦૦૦ /– ની મર્યાદામાં યુનિવર્સિટી દ્વારા ચુકવણું કરવામાં આવશે.

૮. **Leon \ Deputation ઉપર નિમણુંક પામતા યુનિવર્સિટી કે સંલગ્ન કોલેજોમાં કર્મચારી કે અધ્યાપકશ્રી કે આચાર્યશ્રી કેટલો સમય જે તે પદ ઉપર રહી શકે તે બાબતે વિચારણા :**

(નોંધ : અમુક કોલેજોમાં અધ્યાપકોની કે આચાર્યશ્રીઓની નિમણુંકો Leon ઉપર કરવામાં આવેલ છે. આ Leon માટેનો સમયગાળો નિશ્ચિત હોય તો જે તે અધ્યાપક કે કર્મચારી તેટલો સમય સુધી પદ પર રહી શકે. ત્યારબાદ વધુ સમય રહેવું હોય તો રેગ્યુલર નિયમોનુસાર ઈન્ટરવ્યુ પ્રક્રિયા હાથ ધરાયા બાદ તે પસંદગી પામે તો જે તે જગ્યાએ નિમણુંક પામે. આમ Leonની મુદ્દત નકકી કરવા વિચારણા)

યુનિવર્સિટી કે સંલગ્ન કોલેજોમાં આચાર્યશ્રી, અધ્યાપકશ્રી કે કર્મચારીશ્રી–અધિકારીશ્રી જો LEON કે DEPUTATION ઉપર નિમાય તો તે કેટલા સમય સુધી ચાલુ રહી શકે તે બાબતે વિસ્તૃત ચર્ચા હાથ ધરવામાં આવી અને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ : ૬** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટી સલંગ્ન કોલેજોમાં કે યુનિવર્સિટીમાં જો કોઈ વ્યકિત કોઈપણ હોદ્દા ઉપર LEON ઉપર મેનેજમેન્ટ કે કોલેજ દ્વારા નિમાયેલ હોય તો તે વ્યકિત તે હોદ્દા ઉપર બે વર્ષથી વધુ સમય સુધી ચાલુ રહી શકશે નહી. મુદ્દત પુરી થયા બાદ તે વ્યકિત ફરીથી તે જ જગ્યાએ LEON ઉપર પુનરાવર્તીત થઈ શકશે નહી.

રાજય સરકારશ્રી દ્વારા LEON કે DEPUTATION ઉપર નિમાનાર કોઈ વ્યકિતને આ મુદ્દત લાગુ પડી શકશે નહીં.

અધ્યક્ષ સ્થાનેથી અન્ય નીચેના મુદ્દાઓ બાબતે ચર્ચા વિચારણા હાથ ધરાયેલ અને નિર્ણય લેવાયેલ.

૧ માન.કુલપતિશ્રી માટે નવી ગાડી ખરીદવા બાબત :–

હાલ માન.કુલપતિશ્રી પાસે ફોર્ડ IKON ગાડી ઉપલબ્ધ છે. પરંતુ માન.CEO શ્રી પ્રદિપ શર્મા સાહેબ વખતે વર્ષ ૨૦૦૪ માં ખરીદાયેલ આ ગાડીના ત્રણેક મેજર એકસીડન્ટ થયેલ છે. પરિણામે આ Electronic ગાડીને ફોર્ડ કંપનીમાંજ રીપેરીંગ કરાવ્યા છતાં અવાર નવાર ખોટીપો સર્જાય છે. અને રસ્તામાં બંધ પડી જાય છે. પરિણામે ઘણીજ હાલાકીનો સામનો કરવો પડે છે. પરિણામે ગાડી ખરીદવા બાબતે ચર્ચા–વિચારણા થઈ. ચર્ચાના અંતે નીચે મુજબ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ : ૭** આથી ઠરાવવામાં આવે છે કે, માન.કુલપતિશ્રી હસ્તકની ફોર્ડ આઈકોન ગાડીને સરકારી નિયમોનુસાર વેંચાણ કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવી અને માન.કુલપતિશ્રીના હોદ્દાને અનુરૂપ નવી ગાડીની નિયમોનુસાર ખરીદી કરવી અને કઈ ગાડી ખરીદવી તેનો નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.

૨ ઈન્ડિયન એક્ષપ્રેસ સોવેનિયરમાં યુનિવર્સિટીની જાહેર ખબર આપવા બાબત :–

ઈન્ડિયન એક્ષપ્રેસ અખબાર વાર્ષિક સોવેનિયર શિક્ષણ વિષયે બહાર પાડે છે જેમાં યુનિવર્સિટી કે શૈક્ષણિક સંસ્થાઓની જાહેરાતો પ્રસિધ્ધ થતી હોય છે જે ભારત ભરમાં ફેલાવો ધરાવે છે.

ઈન્ડિયન એક્ષપ્રેસના રાજકોટના મેનેજરશ્રી તથા તેમના ગાંધીધામના એડિટરશ્રી અત્રે યુનિવર્સિટીમાં જાહેરાત છપાવવા સદર્ભે માન. કુલપતિશ્રી સાહેબને મળેલા અને તેમણે અડધા પાનાના રૂા. ૭૦,૦૦૦ ( યુનિવર્સિટી માટે રૂા. ૫૮,૦૦૦) અને ૧/૪પાનાના રૂા.૪૦,૦૦૦ ( યુનિવર્સિટી માટે રૂા. ૩૨,૦૦૦) કિંમત જણાવેલ. ચર્ચા વિચારણાના અંતે એવુ ઠરાવવામાં આવ્યુ કે આવી કોઈ જાહેરાત યુનિવર્સિટીએ ઈન્ડયન એક્ષપ્રેસના સોવિનિયરમાં આપવાની રહેતી નથી.

૩ તોલાણી ઈન્સિટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ (TIMS) ના PGDBM અભ્યાસક્રમને M.B.A. સમકક્ષ ગણવા બાબત :–

TIMS, આદિપુર ખાતે PGDBM નો અભ્યાસક્રમ ચાલી રહેલ છે. યુનિવર્સિટી સંલગ્ન SRK કોલેજ, સાપેડાએ PGDBA અભ્યાસક્રમ શરૂ કરવા અધ્યાપકશ્રીઓની ભરતી પ્રક્રિયામાં લાયકાતનું ધોરણ MBA રાખીને જાહેરાત પ્રસિધ્ધ કરેલ. ઈન્ટરવ્યુ સમિતિએ જે નામો પસંદ કરીને અત્રે વહિવટી મંજુરી અર્થે ભલામણ મોકલેલ છે. તે નામોમાં લાયકાત PGDBM જણાવેલ છે પરિણામે યુનિવર્સિટીએ TIMS, આદિપુરને PGDBM અભ્યાસક્રમ MBA સમકક્ષ ગણી શકાય કે નહી ? તે જણાવવા પત્ર લખેલ છે.

TIMS આદિપુરના પત્ર સાથે ગુજરાત યુનિવર્સિટીનો પત્ર સામેલ છે. જેમાં ગુજરાત યુનિવર્સિટીએ PGDBM નેMBA સમકક્ષ ગણેલ છે.

સભ્યશ્રી ચિન્મોય બેનર્જી દ્વારા એવુ જણાવવામાં આવ્યું કે સુપ્રિમ કોર્ટ એક ચુકાદામાં દરેક PGDBM ને MBA સમકક્ષ ગણી શકાય નહી તેવો ચુકાદો આપેલ છે.

પરિણામે ચર્ચા વિચારણાના અંતે એવું નકકી કરવામાં આવ્યું કે પ્રથમ તે ચુકાદાની નકલ શ્રી બેનર્જી યુનિવર્સિટીને મોકલે તેના અભ્યાસબાદ સમિતિ આગળ નિર્ણય કરે.

**૪ સેલ્ફ ફાઈનાન્સ કોલેજના ફીના ધોરણો બાબતે :–**

એકિઝકયુટિવ કાઉન્સીલના સભ્યશ્રી ચિન્મોય બેનર્જી દ્વારા એવું જણાવવામાં આવ્યું કે તેમની સંસ્થા એચ.બી.પલણ કોલેજ, અંજાર દ્વારા આગામી શૈક્ષણિક વર્ષથી શરૂ થનાર P.G.D.H.R.M. અભ્યાસક્રમની ફી રૂા. ૧૫,૦૦૦ છે. જયારે એસ.આર.કે. ઈન્સ્ટીટયુટ, સાપેડા દ્વારા શરૂ થનાર અભ્યાસક્રમો P.G.D.B.A, P.G.D.C.A. એક વર્ષના અભ્યાસક્રમની ફી રૂા. ૩૫,૦૦૦ થી ૪૦,૦૦૦ રાખવામાં આવેલ છે અને તેનો પ્રચાર કરવામાં આવે છે. પરિણામે ફીના સ્તર બાબતે લોકોને વાકેફ કરવા જોઈએ.

આ બાબતે ચર્ચા વિચારણાના અંતે એવું નકકી કરવામાં આવ્યું કે યુનિવર્સિટી દ્વારા કચ્છ જિલ્લાના દરેક વર્તમાનપત્રોમાં સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં ચાલતા અલગ–અલગ અભ્યાસક્રમોની ફીનું ધોરણ પ્રેસનોટ તરીકે પ્રસિધ્ધ કરવામાં આવે. પરિણામે વાલીઓમાં જાગૃતિ લાવી શકાય અને લોકોને કેટલી ફી કયા અભ્યાસક્રમની રહેશે તેવી જાણકારી પણ આપી શકાય.

**૫. કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સ્ટિટયુટ, સાપેડાની મળેલ ફરિયાદો બાબત:–**

યુનિવર્સિટીને મળેલ ફરિયાદો બાબતે તથા રાજય સરકારશ્રી, શિક્ષણ વિભાગ દ્વારા મળેલ પત્રના અનુસંધાને યુનિવર્સિટીએ એસ.આર.કે. ઈન્સિટીટયુટ, સાપેડાના ચેરમેનશ્રી/ મેનેજીંગ ડાયરેકટરને ઉદ્દેશીને ફરિયાદની નકલ મોકલાવેલ જેમાં દરેક મુદ્દે ખુલાસાઓ કરવા જણાવેલ. જે ખુલાસાઓ અત્રે મળતાં સભામાં ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવેલ.

<u>ઠરાવ :–૮</u> **આથી ઠરાવવમાં આવે છે કે કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સિટીટયુટ, સાપેડાની અત્રે મળેલ જુદી જુદી ફરિયાદોના અનુસંધાને અને શિક્ષણ વિભાગને સ્પષ્ટતાઓ મોકલવાના અનુસંધાને નીચેના સભ્યોની એક તપાસ સમિતિ નીમવામાં આવે છે. જેમાં**

**૧. શ્રી પી.એમ. ભટ્ટ**
**૨. શ્રી ચિન્મોય બેનર્જી**
**૩. શ્રી મહેશ આહિર**
**૪. ડૉ. એમ. જી. ઠકકર**

**સભ્યશ્રી તરીકે રહેશે. આ તપાસ સમિતિ સંસ્થાની મુલાકાત લઈ આગામી સભામાં તેનો રીપોર્ટ રજૂ કરશે ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરવાનું ઠરાવવામાં આવ્યું.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.